# પ્રવેશ દ્વાર, દેવમંદિરો, સમાજવાડીનું દાતાઓની સખાવતથી નિર્માણ કરવામાં આવ્યું છે






દેદરડા ગામમાં દાતાઓનો ખુબ જ ઉમદા સહયોગ રહ્યો છે. ગામની શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ સહિત ગામમાં ઉપયોગી થાય તેવી સુવિધાઓ માટે સમયાંતરે દાતાઓ દ્વારા ખુબ જ ઉદારતાથી દાનની સરવાણી વહાવવામાં આવે છે ગામના ગ્રામજનોની સુખાકારી દાતાઓ દ્વારા લોકફાળા તરીકે ઉદાર હાથે દાન આપવામાં આવ્યું છે. દાન આપનાર દાતાઓમાં ગામના મોટા વ્યવસાયિકો, રાજકીય આગેવાનો, ભુતપુર્વ વિદ્યાર્થીઓ, વિદેશમાં સ્થાયી નાગરિકો દ્વારા દાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત ગામમાં લીલાબા ભવન સમાજની વાડી તેમજ પ્રવેશદ્વાર માટે પણ ગામના દાતાઓ દ્વારા દાન આપવામાં આવેલ છે. ગામની શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા માટે વિવિધ કાર્યક્રમો દરમિયાન ગામના દાતાઓ દ્વારા પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે. તો ધાર્મિક સ્થળોના બાંધકામ તેમજ જરૂરી વ્યવસ્થા માટે પણ યથાશક્તિ દાન આપવામાં આવે છે.

## પ્રાથમિક શિક્ષણ માટે વર્ષ 1855ની 14મી ઓગસ્ટના રોજ શાળાની શરૂઆત કરાઈ હતી






દેદરડા ગામમાં ગ્રામ્ય સ્તરે જ પ્રાથમિક શિક્ષણ મળી શકે તે માટે સ્થાનિક શિક્ષણ પ્રેમી આગેવાનોએ શાળાની શરૂઆત થાય તે પ્રયત્ન કર્યા હતા.હાલમા આદર્શ પ્રાથમિક શાળા. દેદરડા. તા.બોરસદ તરીકે જાણીતી શાળાનો સ્થાપના દિન 14/8/1855 રોજ છે. વર્તમાન સમયમાં શાળાના આચાર્ય જીતેન્દ્રકુમાર પી ભોઈ સાથે 15 શૈક્ષણિક કર્મચારીઓ શૈક્ષણિક કાર્ય સહિત શાળા સંલગ્ન પ્રવૃત્તિઓ સાથે કાર્યરત છે. શાળામાં હાલ 214 કુમાર 266 કન્યા આમ કુલ 480 બાળકો અભ્યાસ કરી રહ્યા છે. શિક્ષણ તથા સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં દેદરડા ગામની આદર્શ પ્રાથમિક શાળા દ્વારા ઉત્કૃષ્ટ દેખાવ કરવામાં આવે છે. સને 1984 માં રાજ્ય કક્ષાની સ્પર્ધામાં શાળાને આદર્શ શાળાનુ બિરુદ મળેલ છે. સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અને વિવિધ સ્પર્ધાઓમાં શાળા તાલુકા જિલ્લા અને રાજ્યકક્ષાઓ સુધી પોતાની આગવી ઓળખ ઊભી કરેલ છે. અને ગામનું નામ રોશન કરેલ છે. શાળામાં 2 સુંદર બિલ્ડીંગમાં હાલ 20 ઓરડાની સુવિધા ઉપલબ્ધ છે . ગામના દાતાઓ અને અન્વેશા ફાઉન્ડેશનના સહયોગથી પ્રાર્થનાસભા તથા મધ્યાહન ભોજન માટે અંદાજિત 15 લાખના શેડનું બાંધકામ કરેલ છે. શાળાનું વાતાવરણ ખાનગી શાળાને ટક્કર મારે તેથી પણ વિશેષ છે. શાળાના બાળકો CET, NMMS, PSC, JNV, જ્ઞાન સાધના જેવી પરીક્ષાઓમાં બોરસદ તાલુકામાં આગવી છાપ ધરાવે છે. શાળા નીતિ નિયમોનું ચુસ્ત પણે અમલ કરે છે. બાળકો અને શિક્ષકો સમય પાલન માટે કટિબદ્ધ છે. શાળાનું વિશાળ પટાંગણ સીસીટીવી કેમેરાથી સજ્જ છે. શાળામાં 6થી 8ના બાળકો ડિજિટલ સ્માર્ટ ક્લાસ માં અભ્યાસ કરી રહ્યા છે. શાળા બાળકોને આનંદદાયક શિક્ષણ આપવા કટિબદ્ધ છે. ગ્રામજનો,SMC ,અને શિક્ષકગણ શાળા વિકાસ માટે વિકાસ માટે હરહંમેશ પ્રયત્નશીલ રહે છે.

## સંત વિભુતિ શ્રી દેવનંદન દાસજીના હસ્તે વર્ષ 1985મા ખાતમુહૂર્ત કરાવી માધ્યમિક શાળા નિર્માણનું કાર્ય કરાયું હતું

દેદરડા ગામમાં પ્રાથમિક શિક્ષણ બાદ આગળ વધુ અભ્યાસ માટે ગામથી દૂર જવુ પડતું હતું. જેથી શિક્ષણપ્રેમી અંબાલાલ મથુરભાઈ પટેલ (ઢુઢાકુવા) પોતાના વતનની નજીક એવા દેદરડા ગામમાં જુન 1971 માં " માય ર્આન હાઈસ્કૂલ - દેદરડા " ની સ્થાપના કરી હતી. તેમણે વાવેલ શિક્ષણ રૂપી બીજનો વિકાસ ગામના બાળકો માટે આશીર્વાદરૂપ બન્યો હતો. દેદરડા ગામનાં બાળકો છેલ્લા પાંચેક દાયકાથી સરળતાથી માધ્યમિક શિક્ષણ લઈ રહયાં છે. તેમની શાળા સ્થાપના બાદ તેઓ આ શાળામાં આચાર્ય તરીકે 1971 થી 1979 સુધી ફરજ બજાવી તેમજ શાળાનું સંચાલન પણ કર્યું હતું.તેમના અમેરિકા ગયા પછી સને 1979થી શાળાનો તમામ વહીવટ દેદરડા કેળવણી મંડળને સોંપ્યો હતો . કેળવણી મંડળના પ્રમુખ તરીકે કાશીભાઈ સોલંકી અને ત્યારબાદ વિનુભાઈ સોલંકીએ જવાબદારી સંભાળી છે. બાળકોને અભ્યાસ માટે સુવિધાયુક્ત મકાન ન હતું. જેથી સરકારને સુવિધાયુક્ત મકાન ઊભુ કરવા વારંવાર લેખિત જાણ કર્યા બાદ અંતે સૌ કેળવણી મંડળના સભ્યોના પ્રયાસોથી સ્વામીશ્રી દેવનંદનદાસજીના હસ્તે વર્ષ 1985મા નવમી માર્ચના રોજ નવા મકાનનું ખાતમુહર્ત વિધિ થઈ હતી. આ સમયે નાનકડા ગામના ગ્રામજનોએ દાનનો પ્રવાહ વહેવડાવ્યો હતો. આ કાર્યમાં માતબર રકમનુ દાન મળેલ હતું . શાળા શરૂ થયા બાદ તથા સ્કૂલ ચલાવવા માટે નાણાંકીય મુશ્કેલી ઊભી થઈ હતી પણ દેદરડા ગામના મગનભાઈ એફ.સોલંકી ની વર્ષ 1979 થી આચાર્ય તરીકે નિમણુંક થતાં લોકસંપર્ક કેળવી, દાન મેળવી સંસ્થાને પગભર બનાવી હતી, શિક્ષણ સંસ્થાને વ્યવસ્થિત કરવામાં, ભંડોળ ઊભું કરવામા મોટું યોગદાન આપ્યું હતું. તથા દેદરડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના દાનના સહકાર તથા ગ્રામજનો તથા કેળવણી મંડળના સભ્યોનો પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સહકાર મળતાં ૫ (પાંચ) વર્ગખંડ સાથે શાળાનું મકાન બની શક્યું હતું .સૌના સાથ અને સહકાર મળતાં શિક્ષણ ક્ષેત્રે પ્રવેશતાં યુવાનો પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવી રહ્યા છે.





## દૂધ મંડળી સરેરાશ 4.10 કરોડનું દૂધ ખરીદીનું ટર્નઓવર ધરાવતી 75 વર્ષ જૂની સહકારી સંસ્થા

બોરસદ તાલુકાના દેદરડા ગામની દુધ મંડળી પશુપાલકો માટે આર્થિક આત્મનિર્ભરતાનું કેન્દ્ર રહ્યુ છે. દેદરડા ગામે પશુપાલકો અને ખેડૂતોની આર્થિક પરિસ્થિતિની સદ્ધરતા પામવા માટે આવકનો સ્ત્રોત દુધાળા પશુઓ છે. દુધાળા પશુઓનું દુધ દેદરડા દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં સવાર- સાંજ બંને સમયે જમા કરાવીને દેદરડાના લોકો પોતાનું ભરણપોષણ અને સામાજીક પ્રસંગોનું આયોજન પરીપૂર્ણ કરે છે. સાથે સાથે પોતાના બાળકો માટે શૈક્ષણિક જરૂરીયાતો પણ સંતોષવા માટે દુધ મંડળીની મળતી આવક પર નિર્ભર રહે છે. ગત વર્ષ 2024-25 દરમ્યાન ભેંસ દુધ ખરીદી 2.50 કરોડ અને ગાય દુધ ખરીદી 1.59 કરોડ કરવામાં આવી હતી. દુધ મંડળીના સ્થાપના વર્ષ 1950માં 22મી સપ્ટેમ્બરના રોજ કરવામાં આવી હતી. હાલમાં સભાસદોની કુલ સંખ્યા 1328 છે. દેદરડા દુધ મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં પાંચ વર્ષની સમય મર્યાદા માટે 11 સભ્યો વહીવટી કામકાજ સંભાળી રહેલ છે. જેમા ચેરમેન તરીકે કમલેશભાઈ ઈશ્વરભાઈ સોલંકી અને વાઈસ ચેરમેન તરીકે અજયભાઈ ચીમનભાઈ સોલંકી અને સેક્રેટરી તરીકે ગીરીશભાઈ ઝેણાભાઈ સોલંકી કાર્યરત છે. જ્યારે વ્યવસ્થાપક કમિટી તરીકે રમેશભાઈ મહિજીભાઈ સોલંકી, કાંતીભાઈ ભીખાભાઈ સોલંકી, નગીનભાઈ ચીમનભાઈ સોલંકી, ચંદ્રકાંત ત્રિકમભાઈ સોલંકી, રાજેશભાઈ સોમાભાઈ સોલંકી, અંકિતભાઈ હેમેન્દ્રભાઈ પટેલ, હિતેશભાઈ ચંદુભાઈ સોલંકી, કમલેશભાઈ મફતભાઈ સોલંકી, ઉદેસિંહ બાબરભાઈ સોલંકી કાર્યરત છે. ગામમાં છેલ્લા 76 વર્ષથી દૂધ મંડળી કાર્યરત છે. પશુપાલનમાં દેશી ગાયો અને ભેંસો છે. દુધ મંડળી દ્વારા અમુલ ડેરીના સહયોગથી સામુહિક અકસ્માત વિમા યોજનાનો લાભ આપવામાં આવે છે. જે અંતર્ગત દુધ ભરતા સભાસદોને અકસ્માતના સંજોગોમાં મૃતકના વારસદારોને બે લાખ ઉપરાંતની વીમા રકમ ચુકવવામાં આવે છે.

## દેશની આઝાદીની ચળવળના સાક્ષી સમાન બે નાગરિકો અંગ્રેજો સામે ઝઝુમ્યા હતા

આઝાદીની ચળવળના સમયગાળામાં નાનકડા દેદરડા ગામમાં પણ દેશદાઝની લહેર છવાઈ હતી. આવા સમયમાં ગામના રાષ્ટ્રપ્રેમ માટે જાન ન્યોછાવર કરે તેવી મક્કમતાથી મંગળભાઈ ચતુરભાઈ સોલંકી તથા શંકરભાઈ ડાહયાભાઈ સોલંકી આઝાદી માટે અંગ્રેજો સામે ઝઝૂમ્યાં હતા. આઝાદીની ચળવળ સહિતની કામગીરીમાં જોડાયેલ હતા. તત્કાલીન સમયે તેમની દેશભકિતને ગામના લોકો વર્તમાન સમયમાં પ્રેરણારૂપ રાખીને સ્મૃતિ ગાથા કરતા રહે છે. 12 મી માર્ચ 1930ના રોજ મીઠાના સત્યાગ્રહ માટે ગાંધીજીએ અમદાવાદના ગાંધી આશ્રમથી શરૂ કરેલી "દાંડી કૂચ " યાત્રા બોરસદના દેદરડા ગામમાં પણ પહોંચી હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ દેદરડા ગામના ચોતરા પરથી ગ્રામજનોને આઝાદીની ચળવળ અને મીઠાના કાયદા સહીતની બાબતોનું સંબોધન કર્યું હતું.

## ગ્રામ પંચાયતની સ્થાપના 1949ની 25મી જુલાઈએ કરવામાં આવી હતી

### ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ

- શીવાભાઈ ભાયજીભાઈ સોલંકી
- ચુનીભાઈ ખુશાલભાઈ પટેલ
- ઝવરભાઈ બેચરભાઈ પટેલ
- કાશીભાઈ લલ્લુભાઈ સોલંકી
- છોટાભાઈ રણછોડભાઈ સોલંકી
- મહેન્દ્રભાઈ કાશીભાઈ સોલંકી
- કોકીલાબેન રમેશભાઈ પટેલ
- શાંતાબેન છોટાભાઈ સોલંકી
- લીલાબેન ઘનશ્યામભાઈ સોલંકી
- નંદાબેન નટવરસિંહ સોલંકી
- નટવરભાઈ શંકરભાઈ સોલંકી

### વર્તમાન સરપંચ , ઉપસરપંચ , સભ્યો

નંદાબેન નટવરભાઈ સોલંકી (સરપંચ), રમીલાબેન રમેશભાઈ સોલંકી (ઉપસરપંચ), સુમીત્રાબેન પ્રશાંતકુમાર સોલંકી, અરવિંદભાઈ સોમાભાઈ સોલંકી, વિમળાબેન ચંદ્રકાન્ત સોલંકી, અજીતભાઈ પ્રભાતભાઈ સોલંકી, મિનેષભાઈ રમેશભાઈ સોલંકી, નયનાબેન ભરતભાઈ સોલંકી, કપીલાબેન ભરતભાઈ સોલંકી, રતિલાલ શંકરભાઈ રોહીત

**જનપ્રતિનિધિ વિનુભાઈ સોલંકીએ આણંદ જીલ્લા પંચાયત ઉપપ્રમુખ , કારોબારી ચેરમેન , શિક્ષણ સમિતિ ચેરમેન તરીકે તેમજ તેમના પત્ની અંજનાબેન સોલંકીએ જીલ્લા પંચાયતના સભ્ય તરીકે જવાબદારી સંભાળી હતી.**




(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)